Extra No. 33

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **TUESDAY, JANUARY 27, 2026 / MAGHA 7, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

FileNo:KHD/MAG/e-file/450/2026/0353/MAGBRANCH-ગુજરાતમાધ્યમિકઅનેઉચ્ચતરમાધ્યમિકશિક્ષણબોર્ડ,ગાંધીનગર દ્વારા પ્રખરતા શોધ કસોટી (Talent Search Test-2026) ની પરીક્ષા આગામી તા.૨૮/૦૧/૨૦૨૬ ના રોજ સમય ૧૧:૦૦ કલાક થી ૧૩:૦૦ કલાક અને ૧૪:૦૦ કલાક થી ૧૬:૦૦ કલાક દરમ્યાન ખેડા જિલ્લાના જુદા જુદા કેન્દ્રો ખાતે યોજાનાર છે. જેથી તા.૨૮/૦૧/૨૦૨૬ ના રોજ આ પરીક્ષાનું સંચાલન સરળતાથી થાય, અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો કાર્ય કરે અને પરીક્ષાર્થીઓ શાંત અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં નિર્ભયતાથી તથા ગેરરીતી કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપે તે માટે પરીક્ષાના સ્થળોને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ખેડા જિલ્લો, નડીઆદ નાઓએ તેઓના તા.૨૦/૦૧/૨૦૨૬ ના પત્ર જા.નં.TST-Exam/૨૦૨૫-૨૬/૪૮૬-૪૮૯ થી અત્રે દરખાસ્ત કરેલ છે. ઉકત દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં વ્યાજબી અને આવશ્યક જણાય છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડીયાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આ સાથે બિડાણ કરેલ અનુસૂચિ મુજબના પરીક્ષા કેન્દ્રમાં નીચે મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

પ્રતિબંધિત વિસ્તાર:- અનુસૂચિત પરીક્ષા કેન્દ્ર તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલા તમામ દુકાનો, મકાનો, જગ્યા, સ્થળ અને વિસ્તાર.

પ્રતિબંધિત કૃત્યો: -

પરીક્ષાર્થી અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલા, ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસોએ ઉપરોકત પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું, કોઈ પણ ઈસમે કોઈ પણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી, પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/કરાવવું, આ રીતના કોઈપણ દુષ્પ્રેરણ કે પ્રયાસમાં જો ફરજો પરના સુપરવાઈઝરશ્રી સ્ટાફ કે ખાસ તપાસણી માટેના સ્કવોડના માણસોએ સામેલ થવું, પ્રામાણિક પણે ફરજો બજાવવામાં કોઈ પ્રકારની ઉદાસીનતા સેવવી, પરીક્ષા સંબંધી ચોરીમાં મદદરૂપ થાય તેવી કોઈ પણ વસ્તુ, ઈલેકટ્રોનીક ગેઝેટ જેવા કે ફેકસ, ડુપ્લીકેટીંગ, ઝેરોક્ષ મશીન, કોપીયર કે નકલ થઈ શકે તેવા કોઈપણ ઈલેક્ટ્રોનીક ઉપકરણો, સેલ્યુલર ફોન, મોબાઈલ, સ્માર્ટ વોચ, પેજર, હેન્ડ સેટ, વોકી-ટોકી કે કોર્ડલેસ ફોન, પુસ્તક, કાપલીઓ વિગેરેનો ઉપયોગ, ઝેરોક્ષ કાઢવાની કામગીરી, ઝેરોક્ષ નકલોનું વહન કરવું કે કરાવવામાં ફરજો પરના તમામ માણસોએ મદદગારી કે દુષ્પ્રેરણા કરવા પર પ્રતિબંધ રહેશે. ઉકત અનુસૂચિ મુજબના પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મિટરની ત્રિજયાના વિસ્તારમાં માઈક / લાઉડ સ્પીકર વગાડવાની મંજૂરી આપવા કે વગાડવા પર પ્રતિબંધ રહેશે.

સમયગાળો:- તા.૨૮/૦૧/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૦૦ કલાક થી સાંજના ૧૬:૩૦ કલાક સુધીના સમયગાળા માટે (ખેડા જિલ્લાના આ સાથે સામેલ અનુસૂચિ મુજબનાં જે કેન્દ્રો પર પરીક્ષા હોય તેને અનુરૂપ).

શિક્ષા:- આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે તથા ખેડા જિલ્લામાં ફરજ -બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ/ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

અનુસૂચિ (પરીક્ષા કેન્દ્રોની યાદી)

ક્રમ	સેન્ટર કોડ	શાળાનું નામ	બિલ્ડીંગનું સરનામું	તાલુકાનું નામ	ઉપલબ્ધ બ્લોકની સંખ્યા	વિદ્યાર્થીઓની સંખ્યા	CCTV (YES / NO)
1	5402	C N VIDHYALAY UNIT - 1	KAPDVANJ, D.KHEDA	KAPADVANJ	7	210	YES
2	5402	C N VIDHYALAY UNIT - 2	KAPDVANJ, D.KHEDA		7	210	YES
3	5402	SHREE L M SHARDA MANDIR KAPADVANJ	KAPDVANJ, D.KHEDA		2	60	YES
4	5403	SHETH M R HIGH SCHOOL UNIT - 1	KATHLAL, D.KHEDA	KATHLAL	11	330	YES
5	5403	SARASVATI MANDIR KATHLAL	KATHLAL, D.KHEDA		4	120	YES
6	5408	ST. MERY HIGH SCHOOL UNIT 1 NADIAD	VAISALI CINEMA NI SAME, D.KHEDA	NADIAD	10	300	YES
7	5408	ST. MERY HIGH SCHOOL UNIT 2 NADIAD	VAISALI CINEMA NI SAME, D.KHEDA		10	300	YES
8	5408	JIVAN VIKAS HIGH SCHOOL	NADIAD, D.KHEDA		10	300	YES
9	5408	VISIONSCHOOL OF SCIENCE	NADIAD, D.KHEDA		5	150	YES
10	5408	ST.ANNA'S HIGH SCHOOL	NADIAD, D.KHEDA		6	180	YES

ખેડા-નડીયાદ, તા.૨૨મી જાન્યુઆરી, ૨૦૨૬

જે.બી.દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીયાદ

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો

(FileNo:KHD/MAG/e-file/450/2026/0354/MAGBRANCH)તા.૩૦/૦૧/૨૦૨૬થીતા.૦૩/૦૨/૨૦૨૬દરમ્યાનનડીયાદશ્રી સંતરામ મંદિર ખાતે મહાસુદ પૂર્ણિમા નિમિત્તે મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ આવતા હોય, આ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં સરળતા રહે તથા વાહન વ્યવહાર, ટ્રાફિક નિયમન જળવાઈ રહે અને જાન હાનિના બનાવો બનતા અટકાવવી શકાય તે માટે તા.૩૦/૦૧/૨૦૨૬ થી તા.૦૩/૦૨/૨૦૨૬ દરમ્યાન નડીયાદ શહેર વિસ્તારમાં નીચે પોઈન્ટ-A માં જણાવ્યા મુજબના જાહેર માર્ગ ઉપર વાહન વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને સદર વાહન-વ્યવહાર પોઈન્ટ-B માં જણાવ્યા મુજબના વૈકલ્પિક માર્ગો ઉપર ડાઈવર્ટ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીયાદનાઓએ તેઓના પત્ર ક્રમાંક:એલઆઈબી/એચએ/જાહેરનામું/૯૧/૨૦૨૬ તા.૨૧/૦૧/૨૦૨૬ થી જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા.૩૦/૦૧/૨૦૨૬ થી તા.૦૩/૦૨/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) ના સમય દરમ્યાન નીચેના જાહેર માર્ગો ઉપર વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

1. એસ. ટી. બસ સ્ટેન્ડ થી અક્ષર મોટર સર્કલ થઈ સંતરામ રોડ તરફ જતો તમામ વાહન વ્યવહાર.
2. પીજ ભાગોળ ચોક થી જુની જયંત શાહ હોસ્પીટલ રોડ તરફ જતો તમામ વાહન વ્યવહાર.
3. પીજ ભાગોળ થી સંજય સેલ્સથી સંતરામ રોડ તરફ જતો તમામ વાહન વ્યવહાર.
4. માઇ મંદિર તરફ થી વર્ગો કોમ્પ્લેક્ષ તરફ આવતો તમામ વાહન વ્યવહાર.
5. પેટલાદ ફાટક રેલ્વે બ્રિજ થી વિકલ કન્યા વિદ્યાલય થઈ સંતરામ રોડ તરફ આવતો તમામ વાહન વ્યવહાર.
6. મહાગુજરાત ત્રણ રસ્તા થી સંતરામ મંદિર તરફ આવતો તમામ વાહન વ્યવહાર.
7. રબારીવાડ, દેસાઈ વગો તરફ થી ગ્લોબ સીનેમાં તરફ આવતો તમામ વાહન વ્યવહાર.
8. ડુમરાલ બજાર થી સંતરામ મંદિર તરફ આવતો તમામ વાહન વ્યવહાર.
9. સંતરામ સોસાયટી, વકિલ સોસાયટી, ઓપન એર થિયેટર તથા વિકલ કન્યા વિદ્યાલય તરફ થી સંતસમ રોડ તરફ આવતો તમામ વાહન વ્યવહાર.
10. કિડની હોસ્પિટલ ચાર રસ્તા થી નાના કુંભનાથ રોડ થઈ પારસ સર્કલ (સીટી પોઈન્ટ) તરફ આવતો તમામ વાહન વ્યવહાર.
11. દેસાઈ સંસ્કાર કેન્દ્ર વાડી મોટાપોર, ખેતેશ્વર મહાદેવ મંદિર થઈ ખેડા તળાવ ઢાળ થઈ પારસ સર્કલ તરફ આવતો તમામ વાહન વ્યવહાર.
12. દેસાઈ વગો, રબારીવાડ થી શૈશવ હોસ્પિટલ ઢાળ થઈ પારસ સર્કલ, સંતરામ રોડ તરફ આવતો તમામ વાહન વ્યવહાર.
13. સલુણ એક્સપ્રેસ-વે તંબુ ચોકી તથા ડાકોર રોડ થી ચકલાસી ભાગોળ મહાગુજરાત સર્કલ થઈ સંતરામ મંદિર રોડ તરફ આવતો તમામ વાહન વ્યવહાર.
14. નડીયાદ મીલ રોડ ત્રણ રસ્તાથી સરદાર પટેલ ભવન સર્કલ, સોશિયલ કલબ થઈ બસ સ્ટેશન તરફ આવતો તમામ વાહન વ્યવહાર.

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

1. એસ. ટી. બસ સ્ટેન્ડ તેમજ અક્ષર મોટલ સર્કલ થી શ્રેયસ રેલ્વે ગરનાળા વળાંક થઈ રેલ્વે સ્ટેશન થઈ આર.ટી.ઓ. ત્રણ રસ્તા' થઈ આગળ તરફ જઈ શકાશે.

2. પેટલાદ ફાટક રેલ્વે બ્રિજ થી વિઠ્ઠલ કન્યા વિદ્યાલય થઈ સંતરામ રોડ તરફ આવતો તમામ વાહન વ્યવહાર પેટલાદ રેલ્વે ફાટક થી કીડની ચોકડી, વાણીયાવાડ સર્કલ થઈ આગળ તરફ જઇ શકાશે.

3. પીજ ભાગોળ થી સંજય સેલ્સથી તથા જયંત શાહ હોસ્પિટલ થી સંતરામ રોડ તરફ જતો તમામ વાહન વ્યવહાર સમડી ચકલા, કંસારા બજાર થઈ આગળ તરફ જઈ શકશે.

4. નડીયાદ વાણીયાવાડ તરફથી આવતો તમામ વાહન વ્યવહાર મહાગુજરાત સર્કલથી ચકલાસી ભાગોળ, મરીડા ભાગોળ, કનીપુરા નાકા કબ્રસ્તાન ચોકડી સોશિયલ ટી-પોઈન્ટ થઈ આગળ જઈ શકાશે.

5. રબારીવાડ, દેસાઈ વગો, ડુમરાલ બજાર તરફથી ગ્લોબ સીનેમા તરફ આવતો તમામ વાહન વ્યવહાર ચકલાસી ભાગોળ થઈ આગળ તરફ જઈ શકાશે.

6. ડુમરાલ બજારથી સંતરામ મંદિર તરફ આવતો તમામ વાહન વ્યવહાર કંસારા બજાર, દેસાઈ સંસ્કાર વાડી થઈ આગળ તરફ જઇ શકાશે.

7. સંતરામ સોસાયટી, વકિલ સોસાયટી, ઓપન એર થિયેટર તથા વિઠ્ઠલ કન્યા વિદ્યાલય તરફથી સંતરામ રોડ તરફ આવતા તમામ વાહન વ્યવહાર વિઠ્ઠલ કન્યા વિદ્યાલય પેટલાદ રોડ રેલ્વે ઓવરબ્રીજ થઇ આગળ તરફ જઈ શકાશે તથા અલકાપુરી થી મહાગુજરાત ત્રણ રસ્તા થઈ આગળ જઈ શકાશે.

8. કિડની હોસ્પિટલ ચાર રસ્તાથી નાના કુંભનાથ રોડ થઈ પારસ સર્કલ (સીટી પોઈન્ટ) તરફ આવતો તમામ વાહન વ્યવહાર વાણીયાવાડ સર્કલ થઈ આગળ તરફ જઈ શકાશે તેમજ પેટલાદ રોડ ઓવરબ્રીજ થઈ આગળ તરફ જઈ શકાશે.

9. દેસાઈ સંસ્કાર કેન્દ્ર વાડી, મોટા પોર, ખેતેશ્વર મહાદેવ મંદિર થઈ ખેતા તળાવ ઢાળ થઈ પારસ સર્કલ તરફ આવતો તમામ વાહન વ્યવહાર ફુલબાઈ માતા મંદિર વળાંકથી ચકલાસી ભાગોળ થઈ આગળ તરફ અથવા મહાગુજરાત સર્કલ થઈ આગળ જઈ શકાશે.

10. દેસાઈ વગો, રબારી વાડ તરફ થી શૈશવ ઢાળ થઈ સંતરામ મંદિર રોડ તરફ આવતો તમામ વાહન વ્યવહાર ખેતેશ્વર મહાદેવ મંદિર, સી. જે. ફાઈનાન્સ, ફુલબાઈ માતા મંદિર વળાંકથી ચકલાસી ભાગોળ થઇ આગળ તરફ અથવા મહાગુજરાત સર્કલ થઈ આગળ જઈ શકાશે.

11. ડાકોર રોડ હેલીપેડ ચોકડી રીંગ રોડ ત્રણ રસ્તાથી મરીડા બાયપાસ, બિલોદરા ચોકડી થઈ આગળ તરફ જઇ શકાશે અથવા હેલીપેડ ચોકડી થી ફતેપુરા રીંગ રોડ, ડી-માર્ટ ચોકડી થઇ આગળ તરફ જઈ શકાશે.

12. નડીયાદ મીલ રોડ ત્રણ રસ્તાથી સરદાર પટેલ ભવન સર્કલ થઇ સોશિયલ ક્લબ કબ્રસ્તાન ચોકડી કનીપુરા નાકા, મરીડા ભાગોળ થઈ ચકલાસી ભાગોળ ત્રણ રસ્તા થઈ આગળ જઈ શકાશે.

13. ડભાણ ચોકડી, મીશન રોડ, રેલ્વે ઓવરબ્રિજ, સરદાર પટેલ ભવન સર્કલ, સોશિયલ કલબ, કબ્રસ્તાન ચોકડી, કનીપુરા નાકા, મરીડા ભાગોળ થઈ ચકલાસી ભાગોળ ત્રણ રસ્તા થઈ આગળ જઈ શકશે તેમજ ડભાણ ચોકડી થી કમળા-બિલોદરા ચોકડી થઇ આગળ તરફ જઈ શકાશે અને ડભાણ ચોકડી થી પીજ ચોકડી, પીપલગ ચોકડી થઈ આગળ તરફ જઇ શકાશે.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ વિભાગ દ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે. આ જાહેરનામું સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવું.

ખેડા-નડીયાદ, તા.૨૨મી જાન્યુઆરી, ૨૦૨૬

જે.બી.દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

હુકમ:-

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ (૧)(ખ) મુજબનો હુકમ

FileNo:KHD/MSC/e-file/450/2026/0355/MAGBRANCH-કપડવંજશહેરમધ્યેથીSH-59(મોડાસા-કપડવંજમુખ્યધોરીમાર્ગ પસાર થાય છે. આ માર્ગ ઉપર કપડવંજ શહેરનું મુખ્ય બજાર આવેલ છે. જેમાં કોમર્શિયલ કોમ્પલેક્ષ, બસ સ્ટેશન, એમ.પી.એમ.સી. માર્કેટયાર્ડ, હોસ્પિટલો, મંદિર, મસ્જીદ, નગરપાલિકા ટાઉન હોલ વિગેરે આવેલ હોય તેમજ કપડવંજની આસપાસ તથા તાલુકા વિસ્તારના ગામડાઓમાંથી રોજિંદા મોટી સંખ્યામાં નાગરીકો, ખેડૂતો વ્યાપાર ધંધા તથા ખરીદી માટે વાહનો મારફતે શહેરમાં આવતા હોય જેના કારણે કપડવંજ શહેર મધ્યેથી પસાર થતા મોડાસા-નડીયાદ મુખ્ય ધોરી માર્ગ ઉપર ટ્રાફિક સમસ્યા ઉદ્દભવે છે. આ ધોરી માર્ગ ઉપર ગુજરાત રાજય તથા રાજય બહારના મોટા ભારે વાહનો પણ પસાર થતા હોવાથી કપડવંજ શહેર વિસ્તારમાં વાહનોથી ઉદ્દભવતી ટ્રાફિક સમસ્યા વધુ વિકટ બને છે. જેથી સ્થાનિક નાગરીકોને શહેર ખાતે રોજિંદા આવાગમન કરવામાં અગવડતા પડતી હોઈ, કપડવંજ શહેરની વાહન ટ્રાફિક સમસ્યાના નિરાકરણ બાબતે અવાર-નવાર સ્થાનિક આગેવાનો, પત્રકારો, સ્થાનિક સંસ્થાઓ તથા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, કપડવંજ દ્વારા વિવિધ માધ્યમો થકી રજૂઆતો કરાતી હોય છે. જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠકમાં પણ કપડવંજ શહેરની ટ્રાફિક સમસ્યા તથા માર્ગ સલામતી ધ્યાને લઈ મુખ્ય માર્ગ પરથી પસાર થતા ભારે વાહનોનું નિયમન કરવા ચર્ચા થયેલ છે. તદુપરાંત ટ્રાફિક નિયમન અર્થે કપડવંજ શહેરના મધ્યેથી પસાર થતા સદર રાજય ધોરી માર્ગ ઉપર મોટા ભારે વાહનો માટે પોઈન્ટ-A માં જણાવ્યા મુજબના રૂટ ઉપરથી અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B માં જણાવ્યા મુજબના વૈકલ્પિક રૂટ ઉપર થઈ પસાર થવા અંગેનું જાહેરનામું કાયમી ધોરણે પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીયાદ નાઓએ તા.૦૮/૧૨/૨૦૨૫ ના પત્ર ક્રમાંક:એલઆઈબી/કપડવંજ શહેર/ટ્રા. જા/૧૪૬૨/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરેલ છે. આમ, ઉકત વિગતોએ સ્થાનિક નાગરિકોની રજૂઆતો તેમજ પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીઆદનાઓની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા.૨૩/૦૧/૨૦૨૬ ક.૦૦-૦૦ થી તા.૦૮/૦૩/૨૦૨૬ દરમ્યાન નીચેના જાહેર માર્ગો ઉપર ભારે વાહનોની અવર જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) મોટા ભારે વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અંગેના જાહેર માર્ગ:-

1. મોડાસા-બાયડ તરફથી રેલીયા પાંખીયા, કપડવંજ થઈ કઠલાલ-મહુધા-નડીયાદ તરફ આવતા તમામ મોટા વાહનો.

2. નડીયાદ-મહુધા-કઠલાલ તરફથી કપડવંજ શહેરમાં થઈ રેલીયા પાંખીયા, મોડાસા-બાયડ તરફ જતા તમામ મોટા વાહનો.

3. ગાંધીનગર થી બોભા ચોકડી, આતરસુંબા, કપડવંજ શહેરમાં થઈ લાડવેલ ચોકડી, બાલાસિનોર, ગોધરા તરફ જતા તથા રેલીયા પાંખીયા, મોડાસા રોડ તરફ જતા તમામ મોટા વાહનો.

4. ગોધરા-બાલાસિનોર-લાડવેલ તરફથી તથા રેલીયાથી કપડવંજ શહેરમાં થઈ આતરસુંબા, ગાંધીનગર તરફ જતા મોટા વાહનો.

(B) મોટા ભારે વાહનો પસાર થવાના વૈકલ્પિક જાહેર માર્ગ:-

1. મોડાસા-બાયડ તરફથી રેલીયા પાંખીયા, કપડવંજ થઈ કઠલાલ-મહુધા-નડીયાદ તરફ આવતા તમામ મોટા વાહનો. કપડવંજ તાલુકાના રેલીયા પાંખીયાથી કાપડીવાવ, લાડવેલ ચોકડી, અમદાવાદ-ઈન્દોર રોડ, કઠલાલ બાયપાસ થઈ મહુધા, નડીયાદ તરફ જઈ શકાશે.

2. નડીયાદ-મહુધા-કઠલાલ તરફથી કપડવંજ શહેરમાં થઈ રેલીયા પાંખીયા, મોડાસા-બાયડ તરફ જતા તમામ મોટા વાહનો

   - નડીયાદથી મહુધા, કઠલાલ બાયપાસ અમદાવાદ-ઈન્દોર રોડ, લાડવેલ ચોકડી, કાપડીવાવ, રેલીયા પાંખીયા થઈ આગળ તરફ જઈ શકાશે.

3. ગાંધીનગરથી બોભા ચોકડી, આતરસુંબા, કપડવંજ શહેરમાં થઈ લાડવેલ ચોકડી, બાલાસિનોર, ગોધરા તરફ જતા તથા રેલીયા પાંખીયા, મોડાસા રોડ તરફ જતા તમામ મોટા વાહનો.

   - બોભા ચોકડીથી આંતરસુબા થઈ નવાગામ નિધી પેટ્રોલપંપથી વળી મહમદપુરા બાયપાસ થઈ કઠલાલ ચોકડી, અમદાવાદ-ઈન્દોર રોડ, લાડવેલ ચોકડી થઇ બાલાસિનોર-ગોધરા-રેલીયા પાંખીયા તરફ જઈ શકાશે.

4. ગોધરા-બાલાસિનોર-લાડવેલ તરફથી તથા રેલીયાથી કપડવંજ શહેરમાં થઈ આતરસુંબા, ગાંધીનગર તરફ જતા મોટા વાહનો.

- અમદાવાદ-ઈન્દૌર રોડ ઉપર કઠલાલ-કપડવંજ રોડ થઈ મહમંદપુરા-નવાગામ બાયપાસ થઈ નિધી પેટ્રોલપંપ થઈ આતરસુંબા-ગાંધીનગર તરફ જઈ શકાશે.

શિક્ષા:

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

અપવાદ:

કપડવંજ અને કઠલાલનાં સ્થાનિક વિસ્તારોમાં માલ સામાનની હેરાફેરી કરતા ભારે વાહનો.

ઉકત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પો.ઈ.શ્રી/ પો.સ.ઈ.શ્રી કપડવંજ(ટાઉન), કપડવંજ(રૂરલ) દ્વારા કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે. આ જાહેરનામું સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવું.

ખેડા-નડીયાદ, તા.૨૨મી જાન્યુઆરી, ૨૦૨૬

જે.બી.દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.02.19 18:53:08 IST